For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ત્રણ વર્ષ સુધી કલેક્ટરે કોઈ કાર્યવાહી ન કરી પેસેન્જર્સને માથે જોખમ રાખી બિલ્ડર્સને બચાવવા પ્રયાસ કર્યો?

સુરત એરપોર્ટને નડતરરૂપ બિલ્ડિંગ્સને કલેક્ટર જ બચાવે છે

સુરત એરપોર્ટ એક્શન કમિટીના પ્રમુખ સંજય ઇઝાવાએ કરેલી આરટીઆઈ અરજીઓમાં ચોંકાવનારા ખુલાસા થયા

સુરતઃ સુરત એરપોર્ટને નડતરરૂપ બિલ્ડિંગ દૂર કરવા ગુજરાત હાઈકોર્ટની ડબલ બેન્ચ દ્વારા નડતર બાંધકામો દૂર કરવા 2021 માં હુકમ થયા હોવા છતાં

ત્રણ વર્ષ સુધી કલેકટર દ્વારા કોઈ કાર્યવાહી ન કરી પેસેન્જરોને માથે જોખમ રાખી બિલ્ડરોને બચાવવા પ્રયાસ કર્યો હોવાનો ખુલાસો જુદા જુદા વિભાગને કરવામાં આવેલી આરટીઆઈ અરજીના પ્રત્યુત્તરમાં થયો છે.

સુરત એરપોર્ટને નડતરરૂપ બિલ્ડિંગો તોડવા સુરત કલેકટરની લાપરવાહી બહાર આવી છે. 2021 માં સુરત એરપોર્ટ પર વિમાનને નડતરરૂપ બાંધકામો તોડવા આપેલા આદેશમાં સુરત કલેકટરને જવાબદારી સોંપી હતી. કોર્ટે એરપોર્ટ ઓથોરિટી

...અનુસંધાન પાના 5 પર

આ 6 પ્રોજેક્ટના બિલ્ડર દ્વારા કોઇ જ અપીલ કરવામાં આવી ન હતી

(1. ફ્લોરેન્સ, 2. જશ રેસિડેન્સી, 3. સર્જન એપાર્ટમેન્ટ, 4. ફ્રિઓના એપાર્ટમેન્ટ, 5. રવિ રત્નમ એપાર્ટમેન્ટ , 6. એલ એન્ડ ટી) અવરોધ રૂપ ઉચાઇ તોડી પાડવા AAI દ્વારા કલેક્ટર સુરતને તા.27/07/202 ના રોજ જાણ કરવામાં આવી હતી જે પત્ર વ્યવહાર સુરત મહાનગરપાલિકા સાથે પણ કરવામાં આવ્યો હતો. તા.16/09/2022 ના રોજ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર (શહેરી વિકાસ ખાતું) કલેક્ટરને પત્ર લખીને જાણકારી આપવામાં આવે છે કે DGCA ના આખરી હુકમ

...અનુસંધાન પાના 5 પર

નડતરરૂપ ચાર બિલ્ડિંગોના સરવેમાં ખામી, 22મીએ રહીશોની હાજરીમાં રિ-સરવે કરાશે

અગાઉ થયેલા સરવેમાં અનેક ખામીઓ હોવાની રહીશોની રજૂઆત, રિ- સરવે ચાર બિલ્ડિંગ્સ માટે કરાશે

સુરતઃ સુરત એરપોર્ટ નજીક આવેલી ચાર મહત્વની રહેણાંક બિલ્ડીંગો સામે નડતરરૂપ બાંધકામના આરોપ બાદ હવે આ મુદ્દો નવી દિશામાં વળી રહ્યો છે. અગાઉ થયેલા સરવેમાં ખામીઓ હોવાના રહીશોની રજૂઆત બાદ ૨૨ જુલાઈના રોજ સવારે ૧૧ વાગે આ બિલ્ડીંગોના

...અનુસંધાન પાના 5 પર

સરવે રિપોર્ટમાં છબરડા: અક્ષાંશ-રેખાંશમાં ગરબડ, એરપોર્ટ ઓથોરિટીની અલગ અલગ નોટિસોમાં પણ વિસંગતતા

અગાઉ એરપોર્ટ અધિકારીઓ દ્વારા કરવામાં આવેલા સરવેમાં રજૂ કરેલા રિપોર્ટમાં અક્ષાંશ અને રેખાંશ અંગે ચિંતાજનક વિસંગતતાઓ જોવા મળી હતી. અહીં સુધી કે પહેલાં આપવામાં આવેલી નોટિસ અને તાજેતરની નોટિસમાં પણ નડતરરૂપ બાંધકામના માપદંડોમાં ફેરફાર જોવા મળ્યો હતો.

કોર્ટમાંથી સ્ટે નહીં મળેલી બિલ્ડિંગ્સ પર કાર્યવાહી તાકીદે થવી જોઈએ

અમદાવાદ પ્લેટફોર્મ દુર્ઘટના બાદ સુરક્ષા મુદ્દે રાજ્ય સરકાર સજાગ બની છે. ત્યારપછી સી.આર. પાટીલના અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી, જેમાં કોર્ટમાંથી સ્ટે નહિ મળેલી બિલ્ડીંગોમાંથી અવરોધરૂપ બાંધકામ દૂર કરવા તાકીદે કાર્યવાહી કરવા નિર્ણય લેવાયો હતો. જે બિલ્ડીંગો કોર્ટે ગયેલી નથી તેમનો પુનઃસરવે કરીને હકીકતનું મૂલ્યાંકન કરવામાં આવશે.

અમદાવાદ વિમાન દુર્ઘટના પછી સુરત કલેક્ટર સક્રિય થયા

અમદાવાદ દુર્ઘટના બાદ સુરતમાં પણ આવી ઘટના બની શકે તેમ છે તેવા માધ્યમોમાં એહવાલો પછી સુરત સુરત જીલ્લા કલેક્ટર સંભવિત ઘટનાથી ગભરાઈને જાગે છે અને તા.03/07/2025 ના રોજ એરપોર્ટ ડીરેક્ટર સુરત અને મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને આ બિલ્ડીંગો તોડવાની જવાબદારી એરપોર્ટ અથોરીટી અને SMC નાં માથે નાખે છે અને આ ડીમોલીશન માટે સુરત મહાનગરપાલિકાના સંકલનમાં રહીને ડીમોલીશન પૂર્ણ કરીને એહવાલ કલેકટરને મોકલી આપવા સૂચના આપે છે. જોકે 2021 ના હાઇકોર્ટનો ચુકાદો કહે છે કે,

...અનુસંધાન પાના 5 પર

સ્વચ્છતા સર્વેક્ષણમાં ફરી સુરતનો દબદબો, 'સુપર સ્વચ્છ લીગ'માં પણ અગ્રેસર

જે શહેરોને છેલ્લાં ત્રણ વર્ષથી એકથી ત્રણનો ક્રમ મળે છે તે શહેરોનો સુપર લીગમાં સમાવેશ કરાયો છે

દિલ્હીમાં રાષ્ટ્રપતિના હસ્તે મેયર દક્ષેશ માવાણી અને મ્યુનિ. કમિ. શાલિની અગ્રવાલ દ્વારા પ્રમાણપત્ર અને શિલ્ડ મેળવ્યાં

સુરતઃ : દર વર્ષની જેમ આ વર્ષે પણ સુરત શહેર સ્વચ્છતાના મામલે અગ્રેસર રહેવા પામ્યું છે. આજે દિલ્હીમાં વિજ્ઞાન ભવન ખાતે સ્વચ્છતા સર્વેક્ષણ-2024ના પરિણામોની જાહેરાત અને એવોર્ડ સમારોહ યોજાયો હતો. સમારોહમાં વિવિધ માપદંડો, ડોક્યુમેન્ટેશન અને કામગીરીના આધારે નિર્ધારિત કેટેગરીમાં શહેરોનું મૂલ્યાંકન કરી તેની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છ ભારત મિશનના ભાગરૂપે યોજાયેલા આ સર્વેક્ષણમાં

...અનુસંધાન પાના 5 પર

સફળતાનો શ્રેય સ્વચ્છતાને સંસ્કાર બનાવનાર સફાઇ કામદારો અને પ્રજાજનોને : મેયર દક્ષેશ માવાણી

મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, 'સફાઈ એ સંસ્કાર છે, અને સુરત એનું જીવંત ઉદાહરણ છે. તેમણે આ સિદ્ધિને નાગરિકો, મનપા કર્મચારીઓ અને સફાઈ કામદારોના સહયોગનું પરિણામ ગણાવ્યું. આ ઉપરાંત, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટમાં સુરતનું પ્રદર્શન ખાસ નોંધપાત્ર રહ્યું હતું, જેના માટે શહેરને વિશેષ એવોર્ડ પણ પ્રાપ્ત થયો છે.

સુરત માટે ગૌરવની ક્ષણ, શહેરીજનોને અભિનંદન, મનપાની કામગીરી આ જ રીતે અગ્રેસર રહેશે : શાલિની અગ્રવાલ

'સ્વચ્છતાની સુપરલીગ'માં પણ સર્વશ્રેષ્ઠ બનાવવાના સારથી મ્યુનિ. કમિ.એ આ ગૌરવ માટે સુરતની પ્રજાને શ્રેય આપ્યો હતો. તેમણે જણાવ્યુ હતુ કે, લોકોના સાથ સહકાર વગર આ સફળતા શક્ય નહોતી, સફાઇમાં ટેકનોલોજીનો ઉપયોગ અને અને સતત જાગૃતી રાખી તેના પરિણામ સ્વરૂપે સુરત ફરી એકવાર ગૌરવવંતુ સાબિત થયું.

ડોર ટુ ડોર, સેગ્રીગેશન અને વેસ્ટ પ્રોસેસિંગ થકી સુરતે બાજી મારી

સ્વચ્છતા સર્વેની સુપરલીગમાં પણ સુરતને ટોચનું સ્થાન મેળવવામાં સફળતા મેળવી છે તેની પાછળ મ્યુનિ.કમિ. શાલિની અગ્રવાલના માર્ગદર્શનમાં રસ્તાઓની સફાઇ અને અન્ય કામગીરી ઉપરાંત ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં 100 ટકા સુકા-ભીના કચરાના સેગ્રીગેશનમાં 92 ટકા અને વેસ્ટ પ્રોસેસિંગમાં 100 ટકા તેમજ ગાર્બેજ ફ્રી રેટિંગમાં 7 સ્ટાર મેળવી દેશના અન્ય શહેરો અને ખાસ કરીને નવી મુંબઇ તેમજ ઇન્દોર જેવા સુપરલીગના ટોચના શહેરોને પણ પાછળ મુકી દીધા હતા.

ગેરસમજ દૂર કરવા સુપર લીગના શહેરના માર્ક જાહેર કરવાનું છેલ્લી ઘડીએ ટાળવામાં આવ્યું

એવોર્ડ સમારોહ દરમિયાન ઈન્દોરનું નામ પ્રથમ જાહેર થતાં સુરત બીજા ક્રમે ધકેલાયું હોવાની ગેરસમજ ઊભી થઈ હતી. જોકે, સરકારે સ્પષ્ટતા કરી હતી કે સુપર સ્વચ્છ લીગમાં સ્થાન પામેલા શહેરોને તમામ કેટેગરીમાં નોંધપાત્ર પ્રદર્શન બદલ સન્માન આપવામાં આવ્યું છે, અને ગુણોની જાહેરાત ટાળવામાં આવી હતી જેથી કોઈ ગેરસમજ ન થાય. ઇન્દોર સૌથી વધુ વખત નંબર વન બન્યું હોવાથી તેને સન્માન માટે પહેલા

...અનુસંધાન પાના 5 પર

ગુજરાતના ઐતિહાસિક 2050 કરોડના સાયબર ફ્રોડમાં હવે ઈડીની 'દસ્તક'

ફોરેક્સ ટ્રેડિંગથી પૈસાની હેરફેરમાં સંડોવાયેલાં 164 બેંક એકાઉન્ટ્સ અનેક રહસ્ય ખોલશે

સુરત : ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી મોટા સાયબર ફ્રોડ અને આંતરરાષ્ટ્રીય ફોરેક્સ ટ્રેડિંગ રેકેટમાં હવે Enforcement Directorate (ઇડી) પણ પ્રવેશી ગયું છે. લગભગ 2050 કરોડના આ ભયાનક કૌભાંડમાં મની લોન્ડરિંગ અને હવાલા મારફતે કરાયેલા આંતરરાષ્ટ્રીય લેણદેણને લઈને ઇડીએ સત્તાવાર રીતે વિગતવાર તપાસ શરૂ કરી છે.ઇડીએ 164 કરતાં વધુ કરંટ એકાઉન્ટ્સની તપાસ શરૂ કરી છે, જેનો ઉપયોગ

...અનુસંધાન પાના 5 પર



કૌભાંડના તાર ક્યુબા અને ક્રિપ્ટોકરન્સી સાથે જોડાયા હોવાની શંકા

આ કૌભાંડનું આંતરરાષ્ટ્રીય જોડાણ ક્યુબા સાથે હોવાનું ખુલાસો થયો છે. આરોપીઓએ વિવિધ બેંકોમાં કરંટ એકાઉન્ટો ખોલી, ક્રિપ્ટોકરન્સી અને સાયબર ફ્રોડના માધ્યમથી નાણાકીય વ્યવહારો કર્યા હતા.આ રીતે તેઓ ભારત બહારથી પણ આ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા હતા. ક્યુબા સાથેના આ કનેક્શનથી સ્પષ્ટ થાય છે કે આ કૌભાંડ માત્ર સ્થાનિક સ્તરે સીમિત નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપક હતું, જે તેની ગંભીરતા અને માળખાકીય સંચાલનને દર્શાવે છે.

ઉધના પોલીસે ફોરેક્સ ટ્રેડિંગ કૌભાંડનો પર્દાફાશ કર્યો હતો

સુરત શહેરની ઉધના પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી સાયબર ફ્રોડની ફરિયાદની તપાસ દરમિયાન એક મોટું કૌભાંડ બહાર આવ્યું છે.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ ગેરકાયદેસર રીતે ફોરેક્સ ટ્રેડિંગ (વિદેશી ચલણના વેપાર) ચલાવતા હતા.પોલીસને માહિતી મળી હતી કે આ કૌભાંડ ફક્ત સાયબર ફ્રોડ સુધી સીમિત નથી,પરંતુ તેમાં મોટા પાયે મની લોન્ડરિંગ પણ થયું છે. હવે ઇડી દ્વારા સમગ્ર મામલે મની લોન્ડરિંગના એંગલથી પણ તપાસ શરૂ કરવામાં આવી છે. ઇડી તપાસી રહી છે કે ફોરેક્સ ટ્રેડિંગ દ્વારા કઈ રીતે કાળું નાણું સફેદ કરવામાં આવતું હતું.ઉધના પોલીસે શરૂઆતી તપાસ કરીને જે કડી પકડી છે,તે હવે એક મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડ તરફ દોરી રહી છે.

મુખ્ય આરોપી દીપ ખેનીની ધરપકડ બાદ ઘટનાઓની મોડસ ઓપરેન્ડી ખુલાસો

સુરતના 2050 કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કેસમાં એક મોટી કામગીરીમાં વધુ એક મહત્વપૂર્ણ ધરપકડ કરવામાં આવી હતી. મુખ્ય આરોપી દીપ મુકેશ ખેની (રહે.મેરી ગોલ્ડ કેસ્ટા એપાર્ટમેન્ટ, સરથાણા જકાતનાકા)ને ગીર સોમનાથ જિલ્લામાં ઝડપી લેવામાં આવ્યો હતો.આ ધરપકડ 21 મેના રોજ સુરતના ઉધના વિસ્તારમાં વાહન ચેકિંગ દરમ્યાન થઈ હતી.આ કાર્યવાહી કિરાત જાડવાણી

...અનુસંધાન પાના 5 પર

આરબીએલ બેંકના 89 ખાતાંમાં કુલ 2050 કરોડ રૂપિયાના વ્યવહારો નોંધાયા છે

ઉધના પોલીસ દ્વારા થઈ રહેલી તપાસ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય ઠગબાજી રેકેટનો ભંડાફોડ થયો છે. આરોપીઓ અજાણ્યા લોકો પાસેથી બેંક ખાતા મેળવી, તેમને 1 લાખથી 7 લાખ રૂપિયા સુધીનું કમિશન આપતા હતા. આ કમિશન ખાતાની ટ્રાન્ઝેક્શન મર્યાદા મુજબ આપવામાં આવતો હતો.આ મેળવાયેલા બેંક ખાતાઓનો ઉપયોગ આંતરરાષ્ટ્રીય ઠગબાજો સાયબર ક્રાઈમથી પ્રાપ્ત

...અનુસંધાન પાના 5 પર

આઈટી: સુરતના સીએ-ટેક્સ કન્સલ્ટન્ટને ત્યાંથી 150 કરોડના બોગસ ક્લેઈમનો ડેટા મળ્યો

છેલ્લા ચાર દિવસથી ચાલી રહેલી તપાસમાં 2500થી વધુ રિટર્નની ચકાસણી કરવામાં આવી

આ રિટર્નમાંથી 2000 રિટર્નમાં ગેરરીતિઓ મળી આવી, 20 લાખની રોકડ સીઝ કરાઈ

રિટર્નની સ્ક્રુટિનીમાં કરચોરીનો આંકડો કરોડોમાં પહોંચવાની શક્યતા

સુરતઃ છેલ્લા ચાર દિવસથી 150 અધિકારી, કર્મચારીઓની હાજરીમાં વરાછાના સી.એ. ઉકાણી અને અન્ય ત્રણ કન્સલ્ટન્ટને ત્યાં કરેલી દરોડાની કામગીરી આજે પૂર્ણ થઈ હતી. જેમાં આવકવેરા વિભાગે કુલ 4 કર નિષ્ણાંતોને ત્યાં 2500થી વધુ રિટર્નની સ્ક્રુટિની કરી 150 કરોડના બોગસ ક્લેઈમનો ડેટા ઝડપી પાડ્યો છે.

મોટાભાગના રિટર્નમાં ટેક્સ બચાવવા કપાત, ડોનેશન, લીવ, ટ્રાવેલિંગ એલાઉન્સ, હાઉસ એલાઉન્સ અને અન્ય ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. જેથી કરપાત્ર રકમ સામે 30 % રકમ બચી શકે. સીએ.અને ટેક્સ કન્સલ્ટન્ટને ત્યાં કામ કરતા કુલ 25 જેટલા કર્મચારીઓની પૂછપરછ દરમિયાન તેઓએ રિટર્ન ગેરરીતિ આચરવા ખોટા ડેટા ફોડ કર્યા હોવાની કબૂલાત કરી છે. સી.એ. અને ટેક્સ કન્સલટન્ટ પ્રત્યેક રિટર્ન પર 4 થી 5

...અનુસંધાન પાના 5 પર

ટેક્સ ચોરી કરનારાઓએ છુપાવેલી આવક પર ટેક્સ અને પેનલ્ટી લાગશે અને રિવાઈઝ રિટર્ન પણ ભરવું પડશે

વિભાગના સૂત્રોનું કહેવું છે કે, છુપાવેલી આવક પર ટેક્સ અને પેનલ્ટી લાગશે, હવે રિવાઇઝ રિટર્ન ભરવું પડશે. બોગસ ક્લેઇમના કેસમાં કર કપાત બચાવવા જેણે ખોટા ક્લેઇમ કર્યા એ વધારાનો દંડનો ટેક્સ અને વ્યાજ સાથે ચૂકવવો પડશે. રિટર્ન પર લીધેલું કમિશન પણ ટેક્સેબલ લાયબિલીટીમાં આવશે. તેમણે પોતાની આ આવક રિટર્નમાં દર્શાવવી પડશે. રિટર્ન ભરતી વખતે પોલિટિકલ પાર્ટી, ઇન્સ્યુરન્સ, સ્કુલની ફી, આરોગ્ય સેવાઓ માટેના દાન સામે બેફામ ક્લેઇમ મૂકીને ટેક્સ બચાવવાનું રેકેટ ચલાવવામાં આવતું હોવાના સાયન્ટિફિક ડેટા એનાલિસિસનાં આધારે આ કાર્યવાહી ચાલી રહી છે. સુરતમાં આવકવેરા અધિકારીઓ દ્વારા ક્યાં અને કેટલાં રિટર્ન ભરવામાં આવ્યા અને તેમાંથી પણ કેટલા રિટર્ન શંકાસ્પદ છે. એની સ્ક્રુટિની કરવામાં આવી રહી છે.

મોટા ભાગનાં રિટર્ન પીએસયુ કંપનીના કર્મચારીઓના જ છે

જે રિટર્નમાં ગરબડ જણાઇ છે. એ કરદાતાને બોલાવીને તેનું સ્ટેટમેન્ટ નોંધવામાં આવી રહ્યું છે. આ પ્રકરણમાં મોટાભાગના રિટર્ન જાહેર સાહસોની (પીએસયુ) કંપનીઓના કર્મચારીઓના નામે છે. એ ઉપરાંત ડાયમંડ કંપનીઓના રત્ન કલાકારો, બેન્કના કર્મચારીઓ અને અન્ય સંસ્થાઓના નોકરિયાતો પણ છે. મોટાભાગે હાઉસ એલાઉન્સ એટલે કે ઘર ભાડાના રૂપિયાની કપાત 50,000 રૂપિયા સુધી દર્શાવી છે. સુરત આવકવેરા વિભાગના ડીઆઇ ઘોષ અને એડીઆઇ. દિપેન્દ્રકુમારના નેતૃત્વ હેઠળ આ દરોડામાં 150થી વધુ અધિકારીઓ છેલ્લા ચાર દિવસથી જોડાયેલા હતા.

બહેનપણીનો શ્રદ્ધાંજલિનો ફોટો જોઈને તણાવમાં આવીને લંબે હનુમાન રોડની યુવતીનો આપઘાત

નેહા અને રીના ખૂબ સારી બહેનપણી હતી: મૃતકના પિતા

સુરતઃ શહેરમાં રોજબરોજ આપઘાતના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે એક હૃદયદ્રાવક આપઘાતની ઘટના સામે આવી છે. જેમાં લંબેહનુમાન રોડ ખાતે બહેનપણીના અવસાન બાદ તેના શ્રધાંજલિના ફોટો જોઈને તણાવમાં આવીને યુવતીએ પણ આપઘાત કરી લેતા સ્થાનિક વિસ્તારમાં શોક વ્યાપી ગયો છે. પાંચ દિવસ પહેલા બહેનપણીએ આપઘાત કર્યો હતો. જેને લઈને પરિચિત લોકોએ શ્રધાંજલિ પાઠવવા સ્ટેટ્સ મૂકતાં હતા. જે સ્ટેટ્સ જોઈને તણાવમાં આવીને તેની પાડોશમાં રહેતી અન્ય બહેનપણીએ પણ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી.

મળતી માહિતી પ્રમાણે, મૂળ સોમનાથના ગીર ગઢડાના વતની કનુભાઈ મેર હાલમાં લંબેહનુમાન રોડ પર આવેલ ભગીરથનગર સોસાયટીમાં

...અનુસંધાન પાના 5 પર

પાંચ દિવસ પહેલા શું ઘટના બની હતી

મૂળ અમરેલી જિલ્લાના વતની અને રીનાના ઘરની બાજુમાં રહેતા નિલેશભાઈ સખત, રત્નકલાકાર તરીકે કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. 11 જુલાઈના રોજ સાંજે નેહાએ તેમના પુત્રને સંબંધીને ત્યાં રમવા મૂકીને ઘરે પરત આવી હતી. બાદમાં

...અનુસંધાન પાના 5 પર

BIG SALE UPTO 50% OFF SUNDAY OPEN
મીક્ષ એન્ડ મેચ ફેબ્રીક્સ્ - ડ્રેસ મટીરિયલ્સ્
સલવાર કમીઝ - કુર્તા - સ્પે. દુપટ્ટા
RADHA KRISHNA Mix & Match
હરીપરા પીરછડી રોડ, રૂવાળા ટેકરા
ભાગળ, સુરત. © 95125 96955
પરચીગર હાઉસ (PSJ), આશોપાલવની બાજુમાં,
પાર્લેપોઈન્ટ, સુરત. © 99259 62161

કતારગામમાં સિનિયર વકીલ અબ્દુલ મુલતાનીનું ટ્રકની ટક્કરે મોત

ટક્કર એટલી જોરદાર હતી કે 85 વર્ષના વકીલ 10થી 15 ફૂટ સુધી ઢસડાયા હતા

સુરતઃ મહિધરપુરા વિસ્તારમાં આવેલ રામપુરા ચોકીશેરીમાં રહેતા અને શહેરના જાણીતા 85 વર્ષીય સિનિયર એડવોકેટ અબ્દુલ નાનજી મુલતાનીનું આજે બપોરે અમૂલ ડેરીના આઈસર ટ્રકની અડફેટે મોત નીપજ્યું હતું. આ ઘટના કતારગામ બાલાશ્રમ નજીક બની હતી, જ્યાં એડવોકેટ સાયકલ પર પસાર થઈ રહ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર, બપોરના સમયે અબ્દુલ નાનજી મુલતાની પોતાની સાયકલ પર બાલાશ્રમ નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન, અમુલ ડેરીનો એક આઈસર ટ્રક પૂરપાટ ઝડપે આવી રહ્યો હતો. ટ્રકે સાયકલ સવાર એડવોકેટને જોરદાર ટક્કર મારી, જેના કારણે તેઓ લગભગ 10થી 15 ફૂટ સુધી ઢસડાયા હતા. ટ્રકના ટાયર એડવોકેટ પર ફરી વળતાં તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ ટ્રક ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹૪૫૦૦/- | અંદરના પાને ₹૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

શ્રદ્ધાંજલિ
પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય,
મસ્તક ઝુકેને તમને વંદન થઈ જાય,
યાદ કરીએ તમને અને આંખો ભીની થઈ જાય,
અમે એવી નજર ક્યાંથી લાવીએ કે
તમને યાદ કરીએ ને તમારા દર્શન થઈ જાય,
પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.

સ્વ. માધુસિંહ ગોવિંદસિંહ ચૌહાણ
સ્વ. તા. ૧૬.૦૭.૨૦૨૫
લિ. જનકસિંહ મોહનસિંહ ચાવડા (જમાઈ)
પ્રભાવતીબેન જનકસિંહ ચાવડા (પુત્રી)
પૃથ્વીરાજસિંહ ચંદ્રસિંહ ઠાકોર
પારૂલબેન પૃથ્વીરાજસિંહ ઠાકોર
હરજીતસિંહ જનકસિંહ ચાવડા
ડિમ્પલ હરજીતસિંહ ચાવડા
કિશી, વિહાન, ઈશી

નૃસિંહપુરા દિગંબર જૈન અવસાન/પ્રાર્થના સભા

દિલગીરી સહ જણાવવાનું કે, અમારા પતિશ્રી/પિતાશ્રી અરવિંદભાઈ ચીમનલાલ સરૈયાનું દુઃખદ અવસાન તા.૧૭-૦૭-૨૦૨૫ને ગુરૂવારના રોજ થયેલ છે. સદ્ગતની સંયુક્ત પ્રાર્થનાસભા તા.૧૮-૦૭-૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : એ.સી.હોલ, વિધ્યાસુધા ભવન, ચંદ્રપ્રભુ દિગંબર જૈન દહેરાસર સામે, પાર્લે પોઈન્ટ, સુરત.
સ્વ.અરવિંદભાઈ ચીમનલાલ સરૈયા
લિ. કવિતાબેન અરવિંદભાઈ સરૈયા (પત્ની)
બિરેન અરવિંદભાઈ સરૈયા (પુત્ર) | સોનલ બિરેન સરૈયા (પુત્રવધુ)
પ્રજ્ઞેશ અરવિંદભાઈ સરૈયા(એડવોકેટ)(પુત્ર) | પ્રેક્ષા પ્રજ્ઞેશ સરૈયા (પુત્રવધુ)
મનીષકુમાર ભૂપેન્દ્રકુમાર શાહ (જમાઈ) | જીગીશા મનીષકુમાર શાહ (પુત્રી)
પ્રતિકકુમાર મહેશભાઈ શાહ (જમાઈ) | મીતાલી પ્રતિકકુમાર શાહ (પુત્રી)
સમ્યક, મંથન, નમિત, હેત્વી, રૂચિ, રોમિત, રિવાન

લેઉઆ પાટીદાર અવસાન

સ્વ. ચંદનબેન સુખાભાઈ પટેલ
(જન્મ તા. ૧૦-૦૨-૧૯૫૧ - સ્વ. તા. ૧૬-૦૭-૨૦૨૫)
દિલગીરી સહ જણાવવાનું કે અમારા માતૃશ્રી ચંદનબેન સુખાભાઈ પટેલ તા. ૧૬/૦૭/૨૦૨૫ ના રોજ હરિચરણ થયા છે. પ્રભુને ગમ્યું એ ખરૂં.... પરમકૃપાળું પરમાત્મા દિવ્ય આત્માને મોક્ષ પ્રદાન કરે અને શાંતિ અર્પે. સદ્ગતનું સંયુક્ત બેસણું તા. ૨૧-૦૭-૨૦૨૫ (સોમવાર) ના દિને બપોરે ૦૧:૦૦ થી સાંજે ૦૫:૦૦ કલાક સુધી અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
લિ.
જીતેન્દ્રભાઈ સુખાભાઈ પટેલ (પુત્ર) | ભક્તિબેન જીતેન્દ્રભાઈ પટેલ (પુત્રવધુ)
સ્વ. દિનેશભાઈ ભુલાભાઈ પટેલ (ભત્રીજો) (USA) | ગં.સ્વ.મિનાક્ષીબેન દિનેશભાઈ પટેલ (પુત્રવધુ)(USA)
પરીનભાઈ દિનેશભાઈ પટેલ (પૌત્ર) (USA) | ભક્તિબેન પરીનભાઈ પટેલ (પૌત્રવધુ) (USA)
અશ્વિનભાઈ બાલુભાઈ પટેલ (જમાઈ) (USA) | બિંદુબેન અશ્વિનભાઈ પટેલ (પુત્રી) (USA)
શીરીષભાઈ કે. પટેલ (જમાઈ) (UK) | ટીનાબેન શીરીષભાઈ પટેલ (પુત્રી) (UK)
કીના કેયુર પટેલ (પૌત્રી)
કુમારી ખુશી જીતેન્દ્રભાઈ પટેલ (પૌત્રી)
દિવ્યેશ અશ્વિનભાઈ પટેલ (ભાણેજ) (USA)
આશિક શીરીષભાઈ પટેલ (ભાણેજ) (UK)
ત્રિશા વિવેકભાઈ પટેલ (ભાણી) (UK)
બેસણું સ્થળઃ મુ. સરઈ, પો. ધામણ, વાયા ડાભેલ, તા. નવસારી